| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૩/૦૯/૨૦૨૫ | | |
| દાખલ તારીખ | ૨૩/૦૯/૨૦૨૫ | | |
| ફેસલ તારીખ | ૦૬/૦૪/૨૦૨૬ | | |
| સમય અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦ | ૬ | ૧૪ |

**<u>સાણંદના મહે. બીજા એડી.ચીફ  જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.</u>**

ક્રિમીનલ કેસ નં.૩૩૬૬/૨૦૨૫

આંક:–

| **ફરિયાદી** |
|---|
| શ્રી સરકાર |

વિરુધ્ધ

| **આરોપી** |
|---|
| **મહેશભાઈ જેરામભાઈ દંતાણી(દેવીપુજક),**<br>રહે. રેથળગામ, દેવીપુજકવાસ,<br>તા. સાણંદ, જી. અમદાવાદ. |

**ગુનો :–<u>બી.એન.એસ. કલમ – ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ.</u>**

-----------------------------------------

ફરિયાદી તરફે – વિ.એપીપીશ્રી એમ. કે. શાહ.
આરોપી તરફે – વિ.વકીલશ્રી ડી. એમ. વરીયા.

-----------------------------------------

**-:<u>ચૂકાદો</u> :-**

ફરિયાદી પક્ષના કેસની ટૂંકી વિગત નીચે મુજબની છે.

(૧) આ કામના આરોપીએ તા. ૦૯/૦૩/૨૦૨૫ ના કલાક ૦૯-૩૦ વાગ્યાની આસપાસ મોજે રેથલ થી કુંડળ જવાના રોડ ઉપર હારમોની ફાર્મની નજીક રેડ ઉપર પોતાની રીક્ષા નં. જીજે. ૩૮.ડબલ્યુ.એ. ૧૩૪૩ વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોંગ સાઇડમાં જઈ સામેથી આવતી સી.એન.જી. રીક્ષા નં. જી.જે.૩૮ ડબલ્યુ.એ. ૧૫૫૫ ને ટકકર મારી અકસ્માત કરી પોતાના શરીરે ઈજાઓ પહોચાડી તથા પોતાની રીક્ષામાં બેસેલ ફરીયાદીશ્રી ના કાકી સાહેદ શ્રી રંજનબેન વા/ઓ રમેશભાઈ નાગજીભાઈ કો. પટેલ રહે. ફાંગડી તા. સાણંદ જી. અમદાવાદ વાળાને માથાના ભાગે હેમરેજ તથા શરીરે અલગ અલગ જગ્યાએ નાની મોટી ગંભીર ઈજાઓ તથા ફેકચર કરી તથા સામેની રીક્ષા નંબર જી.જે. ૩૮ ડબલ્યુ.એ. ૧૫૫૫ મા બેસેલ સાહેદ શ્રી મેહુલભાઈ બહાદુરભાઈ દેવીપુજક રહે. રેથળ તા. સાણંદ જી. અમદાવાદ વાળાને શરીરે સામાન્ય ઈજાઓ પહોચાડી તથા બન્ને રીક્ષાને નુકશાન કરી ગુનો કર્યો. બી.એન.એસ.કલમ -૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ ૧૭૭, ૧૮૪ અન્વયે ફરીયાદ આપતા સદરહું ફરીયાદ સાણંદ જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશન, ગુન્હા રજી.નં .૧૧૧૯૨૦૦૩૨૫૦૦૯૧/૨૦૨૫ થી બી.એન.એસ.એસ. કલમ -૧૭૩ અન્વયે નોંધેલી અને ત્યારબાદ આ કામના તપાસ કરનાર અમલદારે તેઓની તપાસ દરમ્યાન જરૂરી સાહેદોના નિવેદનો બી.એન.એસ.એસ. કલમ -૧૮૦ અન્વયે નોંધી, તપાસનાં અંતે આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળતાં આરોપી વિરૂધ્ધ અત્રેની અદાલતમા ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીને ધોરણસરની સમન્સની બજવણી થઈ જતા આરોપી હાજર થતાં તેમને બી.એન.એસ.એસ. કલમ – ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડી આંક – ૪ થી તેમનું નીવેદન નોંધવામાં આવેલ છે. સદર આરોપીએ પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરેલ છે. આથી ફરીયાદપક્ષનાં પુરાવાની કાર્યવાહી આગળ ધપાવવામાં આવેલી છે.

(૩) આ કામમાં બંને પક્ષકારોએ આંક–૦૬ થી સમાધાન પરવાનગી અરજી રજૂ રાખી તેમજ આંક–૦૭ થી સમાધાન પુરશીશ અત્રેની અદાલત સમક્ષ રજુ કરેલ છે અને તેમાં નામદાર કોર્ટ દવારા બી.એન.એસ.એસ. કલમ–૩૫૯ અન્વયે બી.એન.એસ.કલમ–૧૨૫(એ), ૧૨૫(બી), ૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ માં સમાધાન નોંધી તે ગુનામાં આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે અને બાકીની કલમ એટલે કે બી.એન.એસ.કલમ–૨૮૧ પુરતો આરોપી વિરુધ્ધ કેસ આગળ ચલાવવામાં આવે છે.

(૪) આ કામે બી.એન.એસ.એસ. કલમ –૩૬૫ મુજબ ફરીયાદ પક્ષ દવારા તેમના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–: ફરિયાદી તરફે રજૂ મૌખિક પુરાવા :–**

| અ.નં. | સાહેદની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સાહેદ મેહુલ બહાદુરભાઈ દંતાણીની જુબાની. | ૦૮ |
| ૨. | સાહેદ રંજનબેન રમેશભાઇ કો. પટેલ | ૦૯ |
| ૩. | ફરીયાદી સંજયભાઇ મંજીભાઇ કો. પટેલ | ૧૦ |

**-: ફરિયાદી તરફે રજૂ દસ્તાવેજી પુરાવા :-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૧ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ૧૨ |
| ૩. | પંચનામું | ૧૩ |
| ૪. | રંજનબેનનું એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૧૪ |
| ૫. | મહેશભાઈનું એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૧૫ |
| ૬. | મેહુલભાઈનું એમ.એલ.સી. સર્ટીફીકેટ | ૧૬ |
| ૭. | રંજનબેનનું મેડીકલ સર્ટીફીકેટ | ૧૭ |

(૫) ફરીયાદ પક્ષ તરફે આંક-૧૮ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ હોય જે આધારે ફરીયાદ પક્ષ વધુ કોઈ પુરાવો રજુ કરવા માગતા ન હોય તેમજ વિ. એ.પી.પી. શ્રી . નાઓની મૌખિક વિનંતીના આધારે ફરીયાદ પક્ષના પુરાવાનો હકક બંધ કરેલ છે. વધુમાં, આ કામે બંને પક્ષે કરવામાં આવેલ દલીલો ધ્યાને લીધી. આ કામે ફરિયાદ પક્ષની કેસની હકીકત, રેકર્ડ ઉપરનો પુરાવો, ધ્યાનમાં લેતાં બી.એન.એસ.એસ. કલમ-૩૫૧ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ઉપલબ્ધ ન હોઈ આરોપીનું બી.એન.એસ.એસ. કલમ - ૩૫૧ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) ફરિયાદ પક્ષના કેસની હકીકત, રેકર્ડ ઉપરનો પુરાવો, તેમજ બંને પક્ષકારો થકી કરવામા આવેલ દલીલો, ધ્યાનમા લેતા આ કામનો આખરી ન્યાયીક નિર્ણય સારુ મારા મંતવ્ય અનુસાર નીચે પ્રમાણેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**: મુદ્દાઓ :**

(૧) શું ફરિયાદી પક્ષ નિ:શકપણે પુરવાર કરે છે કે, તા.

૦૯/૦૩/૨૦૨૫ ના કલાક ૦૯-૩૦ વાગ્યાની આસપાસ મોજે રેથલ થી કુંડળ જવાના રોડ ઉપર હારમોની ફાર્મની નજીક રેડ ઉપર પોતાની રીક્ષા નં. જીજે. ૩૮.ડબલ્યુ.એ. ૧૩૪૩ વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોંગ સાઈડમાં જઈ સામેથી આવતી સી.એન.જી. રીક્ષા નં. જી.જે.૩૮ ડબલ્યુ.એ. ૧૫૫૫ ને ટકકર મારી અકસ્માત કરી પોતાના શરીરે ઈજાઓ પહોચાડી તથા પોતાની રીક્ષામાં બેસેલ ફરીયાદીશ્રી ના કાકી સાહેદ શ્રી રંજનબેન વા/ઓ રમેશભાઈ નાગજીભાઈ કો. પટેલ રહે. ફાંગડી તા. સાણંદ જી. અમદાવાદ વાળાને માથાના ભાગે હેમરેજ તથા શરીરે અલગ અલગ જગ્યાએ નાની મોટી ગંભીર ઈજાઓ તથા ફ્રેકચર કરી તથા સામેની રીક્ષા નંબર જી.જે. ૩૮ ડબલ્યુ.એ. ૧૫૫૫ મા બેસેલ સાહેદ શ્રી મેહુલભાઈ બહાદુરભાઈ દેવીપુજક રહે. રેથળ તા. સાણં દ જી. અમદાવાદ વાળાને શરીરે સામાન્ય ઈજાઓ પહોચાડી તથા બન્ને રીક્ષાને નુકશાન કરી, બી.એન.એસ.કલમ -૨૮૧, ૧૨૫(એ), ૧ ૨૫(બી), ૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબ શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**-:નિર્ણય:-**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો પરત્વેના મારા કારણો નીચે પ્રમાણેના છે.

**-::: કારણો :::-**

**મુદ્દા નં.૧**

(૯) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા રજુ રાખેલા તમામ પુરાવાઓનું તુલનાત્મક વિશ્લેષણ તથા પૃથ્થકરણ કરવામાં આવે તો આ કામના ફરીયાદી પોતાની આંક–૧૦ ની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાાવે છે કે, એક વર્ષ પહેલા રેથલ થી ફરીયાદીના ફઈના દિકરા રાજેશભાઈનો ફોન આવેલ કે રંજનમામીનો અકસ્માત થયેલ છે જેથી તેઓ સાણંદ જવા નિકળેલો જ્યાં તેમને શ્રીજી હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરેલા અકસ્માત કઈ રીતે બનેલો તે તેઓને ખબર નથી, તેઓએ અકસ્માતની ફરીયાદ સાણંદ પોલીસને શ્રીજી હોસ્પીટલમાં તા.૦૯/૦૩/૨૦૨૫ ના રોજની ફરીયાદ બતાવતા તેઓ તેઓની સહી ઓળખે છે જે રજુ આંક–૧૧ આપવામાં આવેલ છે.

આમ, સદર સાહેદ ફરીયાદી હોવા છતાં ફરીયાદ પક્ષની હકિકતને સમર્થન ન કરતા વિદવાન એ.પી.પી.શ્રી. તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે. તેમની હોસ્ટાઈલ જુબાની જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, એ વાત ખરી નથી કે, તેઓએ તેમની ફરીયાદમાં રીક્ષા નં. જીજે. ૩૮.ડબલ્યુ.એ. ૧૩૪૩ વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોંગ સાઈડમાં જઈ સામેથી આવતી સી.એન.જી. રીક્ષા નં. જી.જે.૩૮ ડબલ્યુ.એ. ૧૫૫૫ ને ટકકર મારી અકસ્માત કરેલ અકસ્માત કરેલ તે હકિકતનો પણ ઈન્કાર કરેલ છે. અને આરોપી પક્ષે જણાવેલ ઉલટ તપાસમા આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોવાથી કેસ આગળ ચલાવવો નથી.

આમ, સદર ફરીયાદી ફરીયાદ પક્ષની હકિકતને લેશમાત્ર સમર્થન કરતાં જેથી તેમની આંક– ૧૦ ની જુબાની બનાવની

હકિકત પુરવાર કરવા માટે સમર્થનકારી માની ન શકાય.

(૧૦) વધુમાં, ફરીયાદ પક્ષે આક–૯ થી સાહેદ રંજનબેન રમેશભાઈ કો. પટેલને તપાસેલ છે જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ કુંડલ ગામ આવતા તેઓની રીક્ષા બીજી એક રીક્ષા સાથે અકસ્માત થયેલ આ અકસ્માતમાં તેઓને માથામાં ગભીર ઈજા થયેલ ત્યારબાદ શ્રીજી હોસ્પીટલ ખાતે દાખલ કરેલપછી તેઓને નવજીવન ડોકટર હાઉસમાં દાખલ કરેલ બંને રીક્ષા કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર નથી. પુરતુ પંચનામાને સમર્થન કરે છે જેથી, વીદવાન એપીપીશ્રી એ તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરતાં આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોવાથી કેસ આગળ ચલાાવવાનો થતો નથી.

આમ સદર સાહેદ ફરીયાદ પક્ષની હકિકતને લેશમાત્ર સમર્થન કરતાં જેથી તેમની ૯ ની જુબાની બનાવની હકિકત પુરવાર કરવા માટે સમર્થનકારી માની ન શકાય.

(૧૧) વધુમાં, ફરીયાદ પક્ષે આંક–૮ થી પંચ સાહેદ મેહુલ બહાદુરભાઈ દંતાણી ને તપાસેલ છે જેઓ પોતાની સરતપાસમાં જણાવે છે કે, બનાવ કુંડળ ગામ આવતા તેઓની રીક્ષા બીજી એક રીક્ષા સાથે અકસ્માત થયેલ આ અકસ્માતમાં તેઓને ડાબા હાથના અંગુઠા પાસે ઈજા થયેલ ત્યારબાદ તેઓને શ્રીજી હોસ્પીટલ ખાતે દાખલ કરેલ અને બંને રીક્ષા કોણ ચલાવતુ હતુ તેની તેઓને ખબર નથી. જેથી, વીદવાન એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી તેમની ઉલટ તપાસ કરતાં આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ હોવાથી કેસ આગળ ચલાાવવાનો થતો નથી.

આમ સદર સાહેદ ફરીયાદ પક્ષની હકિકતને લેશમાત્ર સમર્થન કરતાં જેથી તેમની આંક–૮ ની જુબાની બનાવની હકિકત પુરવાર કરવા માટે સમર્થનકારી માની ન શકાય.

**(૧૨)** આમ, ફરીયાદ પક્ષ તર્ફે રજુ રાખેલ તમામ પુરાવાઓના મુલ્યાંકનને ઘ્યાને લેતાં આ કામ ના ફરીયાદ પક્ષ આરોપી સામે લાગેલ આક્ષેપિત તહોમત તથા આરોપી સામે લાગેલ આક્ષેપિત ગુન્હાના આવશ્યક તત્વોને પુરાવાઓની કડીઓથી એકબીજાને સાંકળીને વ્યાજબી શંકાથી પર સાબિત કરવામાં સંપુર્ણ પણે નિષ્ફળ ગયેલ હોય, જેથી આ તમામ હકિકતોને ઘ્યાને રાખી **મુદદા નં.૧** નો જવાબ આથી **નકારમાં** આપવામાં આવે છે.

**(૧૩)** **મુદદા નં. ૨ :–** મુદદા નં.૧ માં કરેલ ચર્ચા તેમજ રેકર્ડ ઉપસ્થિત પુરાવાઓના મુલ્યાંકનને ઘ્યાને લેતાં, ફરીયાદ પક્ષ આરોપી સામે લાગેલ આક્ષેપિત તહોમત તથા આરોપી સામે લાગેલ આક્ષેપિત ગુન્હાના તત્વોને પુરાવાઓની કડીઓથી એકબીજાને સાંકળીને વ્યાજબી શંકાથી પર સાબિત કરવામાં સંપુર્ણ પણે નિષ્ફળ ગ યેલ હોય, જેથી મુદદા નં.ર અન્વયે ન્યાયનાં વિશાળ હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **::: આ ખ રી હુ ક મ :::**

**(૧)** બી.એન.એસ.એસ. કલમ–૨૭૮ અન્વયે આ કામના આરોપી મહેશભાઇ જેરામભાઇ દંતાણી(દેવીપુજક) રહે. રેથળગામ, દેવીપુજકવાસ, તા. સાણંદ, જી. અમદાવાદ નાઓને

બી.એન.એસ.કલમ–૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી), ૩૨૪(૪) તથા એમ.વી. એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબનાં ગુન્હાનાં કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.કલમ–૪૮૧મુજબ આરોપીએ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– ના નવા જામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ – ૦૬, માહે – એપ્રિલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૬/૦૪/૨૦૨૬
સાણંદ.

**(અશદુલ્લાખાન રહીમખાન ઘોરી)**
યુ.આઈ.સી.કોડ નં.જીજે–૦૦૯૯૮
બીજા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
સાણંદ